ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૮ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં વૃક્ષો ધરાશાયી થાય છે

ટૂંકા મૂળવાળા વૃક્ષો વાવી શહેરમાં ગ્રીનરી કરવાની ઉતાવળ : જાનહાનિ વધી : માર્ગોની આસપાસ વડ, પીપળ, લીમડો જેવા ફાયકસ પ્રકારના વૃક્ષો વન વિભાગે વાવવા જોઈએ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં ચોમાસામાં વૃક્ષો પડવાની ઘટનાઓ દર વર્ષે જોવા મળે છે. જે આ વર્ષે પણ યથાવત જ છે. પરંતુ આ વૃક્ષો કેમ પડી જાય છે તે અંગે પણ જાણવા જેવું છે. શહેરમાં ગ્રીનરી ઉભી કરવા માટે વનવિભાગ દ્વારા ઉતાવળે એવા વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે જેના મૂળ ટૂંકા હોય છે. મૂળ ટૂંકા હોવાના કારણે વાવાઝોડા અને પવનમાં આ વૃક્ષો ધરાશાયી થઈ જાય છે. જેમાં શહેરના માર્ગોની આસપાસ ટૂંકા મૂળવાળા વૃક્ષો ઉછરેલા હોવાથી ચોમાસામાં વૃક્ષો પડવાની ઘટના બને છે અને જાનહાનિ થાય છે.

ચોમાસા દરમિયાન ભારે પવન આવતા માર્ગો પર વૃક્ષો પડવાથી માર્ગો પરથી પસાર થતા

માણસોને જીવનું જોખમ થાય છે. વનવિભાગ દ્વારા માર્ગોની આસપાસ હરિયાળી માટે જે વૃક્ષો રોપવામાં આવ્યા છે તેની મજબૂતાઈ હોતી જ નથી તે અંદરથી પોલા હોય છે અને તેના થડ જાડા હોય છે. પ્રિ-મોનસૂન કામગીરી ન થવાના કારણે આ ઘટાદાર વૃક્ષો ગમે તે સમયે ધરાશાયી થવાની સંભાવના છે. શહેરમાં વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવ્યું નથી તેથી વજન વધી જવાના કારણે પણ વૃક્ષો પડવાની સંભાવના છે.

શહેરમાં ટૂંકા મૂળવાળા વૃક્ષો ઉપરાંત રાયણ, લીમડો, ગરમાળો, આંબો પણ ચોમાસાની સિઝનમાં પડી જાય છે. જેના થડ મજબૂત હોવાથી જે-તે વ્યકિત પર પડતા મોતને ભેટે છે. જો કે દર વર્ષે ઝાડ પડવાથી કોઈ વ્યકિતનું મૃત્યુ થવાની ઘટનાઓ બનતી આવે છે. આ વર્ષે પણ ઝાડ પડવાથી ૩ માનવ મૃત્યુ થયા છે.

માર્ગોની આસપાસ વનવિભાગે એવા વૃક્ષો વાવવા જોઈએ જેના મૂળ જમીન સાથે પકડ ધરાવતા હોય. લીમડો, વડ, પીપડ જવા ફાયકસ પ્રકારના વૃક્ષોનો ઉછેર વધુમાં વધુ કરવો જોઈએ. જેના મૂળ મજબૂત અને ટકાઉ હોય છે તથા ઉપયોગી વૃક્ષોમાંના એક ગણાય છે.

શહેરમાં દર વર્ષે લાખોની સંખ્યામાં વૃક્ષો વવાય છે તેની ગ્રીનરીનો લાભ શહેરીજનો સુધી પહોંચતો નથી. કારણકે વૃક્ષારોપણ બાદ તેની યોગ્ય સાર સંભાળ કરવામાં આવતી નથી. ૫૦ ટકા વૃક્ષો બળી જાય છે. ૧૦ થી ૧૫ ટકા જે વૃક્ષો ઉછરે છે તે આખરે ચોમાસામાં અકસ્માતો સર્જે છે અને માનવમૃત્યુ થાય છે.

આ પ્રકારે ઉતાળીયે વનવિભાગ દ્વારા ગ્રીનરી ઉભી કરવાનો જે પ્રયાસ થાય છે તેના ઉપર વિચારણા જરૂરી છે.

આખા રાજયમાં સૌથી ઓછો વરસાદ ધરાવતા ગાંધીનગરમાં જાનહાનીનું પ્રમાણ વધ્યું

આ વર્ષે ચોમાસાની આ મોસમમાં અત્યાર સુધીમાં આખા રાજયમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગરમાં નોંધાયો છે. જેની સામે ચોમાસાના કારણે જાનહાનિનું પ્રમાણ વધુ નોંધાઈ રહ્યું છે. આ વખતે વીજળી પડવાથી ૪ પશુના જીવ ગયા, કરંટ લાગવાથી ૨ વ્યકિતનું મોત થયું, ઝાડ પડવાથી ૩ માનવમૃત્યુ થયા છે.

જન્મદિને વધામણી

જહાન બારોટ

એસ.વી. પ્રી સ્કૂલમાં 'બીજને અંકુરણ' કરવાની પ્રવૃત્તિ યોજાઈ

એસ.વી. ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલ દ્વારા નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે. જી. ના બાળકોને **Germination of Seeds** ની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી, જેમાં શાળાના શિક્ષિકાઓએ અગાઉથી આ પ્રવૃત્તિ અંગેનો વિડિયો બનાવીને બાળકોને અને વાલીમિત્રોને મોકલ્યો હતો. બીજ વાવ્યા પછી જમીનમાંથી તે બીજ અંકુરિત થઈને તેનો પ્લાન્ટ કેવી રીતે બને, તેની વિગતવાર સમજણ શિક્ષિકાઓએ બાળકોને આપી હતી. હવે ગૌરી વ્રત શરૂ થવાને ગણતરીના કલાકોની વાર છે, ત્યારે વિશેષ કરીને બાળાઓએ આ પ્રવૃત્તિનો વધુ આનંદ ઉઠાવ્યો હતો અને હોશે હોશે તેમના જવારા ઉગાડ્યા હતા.

કે.કે. વિદ્યાલય કોલવડા ખાતે ગૌરીવ્રત નિમિત્તે ફળ વિતરણ

ગાંધીનગર, તા.૧૨

કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે ૧૧/૦૭/૨૦૨૨ને સોમવારના રોજ શ્રી કમલાપુંજ ચેરીટેબર ટ્રસ્ટ – વાવોલ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે શાળાની દીકરીઓને અંબુસિંહ પુંજાજી ગોલ ટ્રસ્ટી વાવોલ તેમજ પ્રેમલસિંહ પુંજાજી ગોલ ડેપ્યુટી મેયર ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા શાળાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની તમામ ૪૦૦ દિકરીઓને ફળોનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં આ મહાનુભાવોનું સ્વાગત શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાએ કર્યું હતું અને અંતમાં આભાર વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આયોજિત સર્જકની કેફિયતમાં રાઘવજી માધડે સર્જન યાત્રા કરાવી

ગાંધીનગર, તા.૧૨

'સર્જન એટલે ઓગળી જવું.' આ શબ્દોનો પ્રયોગ રવિવારે સરદાર વલ્લભભાઈ વિદ્યામંદિર, સેકટર-૭ ખાતે ગાંધીનગરના રહેવાસી જાણીતા સર્જક રાઘવજી માધડે કર્યો હતો. ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે જાણીતા સર્જક રાઘવજી માધડના સાક્ષાત્કારનો કાર્યક્રમ રવિવારે યોજવામાં આવ્યો હતો, જેમાં સર્જકે પોતાના લેખનકાળની અજાણી વાતોનો રસપ્રદ રહસ્યસ્ફોટ કર્યો હતો.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા પ્રતિ માસ બીજા રવિવારે એમની માસિક બેઠક નિયમિત યોજાય છે. જૂલાઈ મહિનાની બેઠકમાં 'સર્જકની કેફિયત' શીર્ષક હેઠળ ગાંધીનગરના જ સર્જક કોલમિસ્ટ અને વાર્તાકાર શ્રી રાઘવજી માધડને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

પારૂલબહેન મહેતાના પ્રાર્થનાગાનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે અષાઢી અગિયારસના પવિત્ર દિવસની વાત સાથે સ્વાગત પ્રવચન કરી સૌનું ઉમળકાભેર સ્વાગત કરી અને કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તુત કરી હતી. સાહિત્યસભાના સલાહકાર કિશોર જીકાદરાએ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સાહિત્યસભાનો દિપોત્સવી અંક 'શબદ' પ્રકાશિત થશે એવી સત્તાવાર જાહેરાત સાથે છેલ્લા બે વર્ષના દિપોત્સવી અંકના અનુભવો વર્ણવ્યા હતા.

ત્યારબાદ રાઘવજી માધડને ખુલ્લો મંચ આપવામાં આવ્યો હતો. પોતાના ગ્રામજીવન દરમિયાન પહેલી વાર્તાના સર્જનથી માંડીને ટૂંક સમયમાં પ્રકાશિત થઈ રહેલી તેમની નવલકથા સુધીની સર્જનયાત્રાનો પરિચય એમણે રસપ્રદ રીતે આપ્યો હતો. એટલું જ નહીં, પરંતુ ઉપસ્થિત સાહિત્યસભાના સભ્યોના પ્રશ્નોના સંતોષકારત ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા. જાણીતા સર્જક ભાગ્યેશ જહાએ રાઘવજી માધડના સાક્ષાત્કાર અંગે પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સાહિત્ય સભાના આ કાર્યક્રમમાં ડો. કેશુભાઈ દેસાઈ, પ્રકાશ લાલા, પ્રવીણ ગઢવી, રમણભાઈ વાઘેલા, નટુભાઈ પરમાર, ડો. જીજ્ઞા વોહરા, ગીરા ભટ્ટ, ડો. પ્રવીણ વાટલીયા, ડો. મુકેશભાઈ જોષી, રોહિણી પરમાર, તૃપ્તિ દવે વગેરે સર્જકો હાજર રહ્યાં હતાં. શ્રી રાઘવજી માધડને સાંભળવા સમગ્ર હોલ ભરાઈ ગયો હતો. કાર્યક્રમની આભારવિધિ કવિ પ્રતાપસિંહ ડાભી દ્વારા કરવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દવે મહેશભાઈ ગોવિંદલાલ,** ઉ.વ. ૬૯, મગોડી
- **સ્વ. મોઢ ચીમનલાલ ભીખાલાલ,** ઉ.વ. ૭૩, સે-૪
- **સ્વ. ઠાકોર બોચરજી અરજણજી,** ઉ.વ. ૪૧, સે-૧૫, ફતેપુરા
- **સ્વ. ઠક્કર કલ્પના દિનેશ,** ઉ.વ. ૫૯, અમદાવાદ
- **સ્વ. રાઠોડ લીલાબેન બાબુજી,** ઉ.વ. ૬૪, દોલારાણા વાસણા

બાપુ કોલેજના વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

વિજ્ઞાન અને માનવતા વિભાગ, શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા ૭મી જુલાઈ, ૨૦૨૨ ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q) માટે ૧લા વર્ષના ડિગ્રી એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યના વિવિધ પાસાઓની વિવિધ દ્રષ્ટિકોણથી જ્ઞાન મેળવ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર કેમ્પસ ડાયરેક્ટર ડૉ.રવિકુમાર, પ્રિન્સિપાલ ડૉ.કિંજલ અધ્વર્યુ અને ટ્રસ્ટી શ્રી ભરતસિંહ વાઘેલા સફળ ટેકનિકલ મુલાકાત બદલ SVBIT ના ફેકલ્ટીને અભિનંદન પાઠવ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વિશ્વ વસ્તી દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

૧૧મી જુલાઈ એટલે વિશ્વ વસ્તી દિવસ. આ નિમિત્તે યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને સમાજકાર્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે જ્ઞાનસભર અને માહિતીપ્રદ વ્યાખ્યાનનું આયોજન થયું હતું. તજજ્ઞ વકતા તરીકે સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, બાવળાના અર્થશાસ્ત્ર વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. બ્રીજેન સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વની વસ્તીની સંખ્યા અને ગુણવત્તા આજે વિકસતા વિશ્વમાં બહુ મહત્વની ભૂમિકા ભજવે છે ત્યારે તેમણે 'વસ્તી વધારો એક ચિંતનનો વિષય, ઉજવણીનો નહી' વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ડો. નરેન્દ્ર વસાવાના આયોજનમાં થયેલા આ કાર્યક્રમમાં યુનિવર્સિટીનો તમામ શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

જલારામ મહિલા મંડળ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

જલારામ મહિલા મંડળ દ્વારા ગૌરીવ્રત નિમીત્તે સમાજની દીકરીઓ તથા બહેનો માટે મહેંદી હરીફાઈ, ભજનની હરીફાઈ તથા ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્રત વાળી દીકરીઓ માટે લ્હાણી, શ્રીંગારની વસ્તુઓ તથા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ખૂબ મોટી સંખ્યામાં દીકરીઓ તથા બહેનો એ ભાગ લીધ હતો. સ્પર્ધાના અંતે વિજેતાઓને ઇનામ આપી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે મંજુલાબેન ભલગામીએ સેવા આપી હતી. પ્રમુખ મીતલબેન રાણાએ સૌ મહેમાનો તથા સભ્યોએને આવકારી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી ઉષાબેન ઠક્કર તથા કારોબારી સભ્યોનો સાથ- સહકાર પ્રાપ્ત થયો હતો.

ગાંધીનગર લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબના વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષના નવા વરાયેલા પ્રમુખ, મંત્રી, ખજાનાચી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની શપથવિધિ સમારોહ તા. ૭-૭-૨૨ના રોજ હોટલ ધ ગ્રાન્ડ વિનાયક, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગર્વનર અને પાસ્ટ મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન એમડી ૩૨૩૨ લાયન સંજીવ છાજેર દ્વારા લાયન મૌલિક ચૌધરી, લાયોનેસ પ્રીતિ શર્મા તથા લીયો કરન માનિકને પ્રમુખ તરીકે લાયન્સ અજય પટેલ, લાયોનેસ વિમલાબેન આયાચી, મંત્રી લીયો રત્ના માનિકને મંત્રી તથા અન્ય ડાયરેક્ટરોને શપથ લેવડાવ્યા હતા.

આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી વિપુલભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. શહેરના અગ્રણીઓ, અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા લાયન્સ ડિસ્ટ્રીક્ટમાંથી પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત મિત્રોએ ત્રણેય પ્રમુખોને આગામી વર્ષમાં વધુમાં વધુ સેવાકીય કાર્યો કરી શકે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આંગણવાડીમાં કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, ઉપપ્રમુખ જીગરભાઈ પટેલ તેમજ રોટે. અરવિંદભાઈ રાણાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૨

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આજ રોજ તા. ૧૨-૦૭-૨૦૨૨ના રોજ બોરીજ આંગણવાડી ખાતે બાળકોને નાસ્તો તેમજ જ્ઞાન-ગમ્મત કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ શ્રી જીગર પટેલ સહિત રોટે. શ્રી અરવિંદભાઈ રાણાના જન્મ દિવસની ઉજવણી પણ કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે આ આંગણવાડીના બાળકને શ્રી રૂચિરભાઈ ભટ્ટ દ્વારા દત્તક લેવામાં આવેલ છે.

સેવાકાર્ય અંતર્ગત બોરીજ ખાતે આવેલ આંગણવાડીમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ૭૦ જેટલા બાળકોની સાથે ઉપસ્થિત રહીને ચણા, બિસ્કીટ, ચોકલેટ, વેફર, ફરાળી ચવાણું તેમજ કેક આપવામાં આવેલ અને બાળકોની સાથે ૨ કલાક જેટલો સમય તેઓની સાથે બેસીને જ્ઞાન - ગમ્મત, રમતો પણ રમાડવામાં આવી હતી.

ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ શ્રી જીગરભાઈ પટેલ, રોટે. શ્રી અરવિંદભાઈ રાણાના જન્મ દિવસની ઉજવણી કરીને તે કેક બાળકોને વહેંચવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે. કમિટિ ચેરમેન શ્રી જશુભાઈ પટેલ, ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ પટેલ, મહામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મહામંત્રી શ્રી ગૌરાંગભાઈ પટેલ, મંત્રી શ્રી જીગ્નેશ ઠક્કર, કાર્યાલય મંત્રી શ્રી હરીશ રાણા સહિત અનેક પદાધિકારીઓ તેમજ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના રોટે. શ્રી યુવરાજસિંહ વાઘેલા, રોટે. શ્રી રાજીવ ભંડારી, શ્રી અશ્વિન શર્મા, શ્રી ગૌરાંગભાઈ રાવલ, શ્રી મુકેશ સરૈયા સહિત અનેક આંગણવાડીના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન શ્રી જશુભાઈ પટેલ દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓની વિશેષ નોંધ લઈ શુભેચ્છા પાઠવી હતી. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા શ્રી રૂચિરભાઈ ભટ્ટ, શ્રી જીગરભાઈ પટેલને જન્મ દિવસ નિમિત્તે મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. આભાર વિધિ સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ શર્મા દ્વારા કરવામાં આવી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'મતદાન-અમારો અધિકાર, અમારી ફરજ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ આપણા દેશની ચૂંટણી પ્રક્રિયા અને મતદાનના અધિકારો વિશે માહિતી મેળવી શકે તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મતદાન માટેની યોગ્ય વય ધરાવ્યા બાદ કઈ રીતે મતદાન કરી શકાય તે માટે વિદ્યાર્થીઓને આપણા દેશમાં મતદાન પહેલાં શાળામાં મતદાન કરવાનો અને તેમના નેતાઓને પસંદ કરવાનો પ્રથમ અનુભવ મળ્યો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન 'વેદિયનો' દ્વારા તેમનામાં નેતૃત્વની ગુણવત્તા વિકસાવવા અને આવતીકાલ માટે નેતાઓને તૈયાર કરવા માટે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારના પોસ્ટર તથા પ્રચાર પણ કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીઓએ તથા ફેકલ્ટીઝ એ પણ યોગ્ય મતદાન કરી બાળકો નો ઉત્સાહ વધાર્યો હતો.